Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૯૮
તા.૦૭-૧૨-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૪ માગસર વદ - ૦૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૧૦ સૂર્યાસ્ત : ૦૫:૫૩

તાપમાન
ડીસા ૧૭.૬ વડોદરા ૧૫.૪
અમદાવાદ ૧૫.૬ સુરત ૧૬.૬
ગાંધીનગર ૧૬.૦ નલિયા ૧૨.૬

ચાંદી : ૩૮,૮૦૦ સોનું : ૨૯,૮૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૩૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

મંદિર કેસની સુનાવણીમાં કોંગ્રેસ રોડા નાંખે છે : મોદી

ધંધુકા, દાહોદ, નેત્રંગમાં મોદીનો ઝંઝાવતી પ્રચાર : સર્જિકલ સ્ટ્રાઇક વિશે પ્રશ્નો ઉઠાવનારને બરોબર ઓળખવાની જરૂર

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પણ ઝંઝાવતી પ્રચાર જારી રાખીને જુદા જુદા મુદ્દા ઉપર કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. મોદીએ સર્જિકલ સ્ટ્રાઇક, રામજન્મભૂમિ મંદિર, તેમની સરકારની કામગીરી, આદિવાસી વિકાસ, ગરીબોને વિજ કનેકશન, ઉજ્જવલા યોજના સહિતના મુદ્દા ઉપર વાત કરી હતી. મોદીએ આજે રામ જન્મભૂમિનો મામલો ઉઠાવ્યો હતો અને આક્ષેપ કરતા કહ્યું હતું કે, રામજન્મભૂમિ મંદિરના પ્રશ્ને કેસ સુનાવણી ૨૦૧૯ સુધી ટાળવા માટેની વકીલાત કરનાર કોંગ્રેસને બરોબર ઓળખી લેવાની જરૂર છે. મોદીએ ધંધુકામાં સભા દરમિયાન ખેડૂતોને લોન પર વ્યાજ નહીં ચુકવવું પડે તેવી જાહેરાત પણ કરીહતી.

અનુસંધાન પાના નં.૨

ત્રીપાંખીયા જંગમાં

વડગામ બેઠક ઉપર જીજ્ઞેશ મેવાણીના સમર્થનમાં રાષ્ટ્રીય નેતાઓના ધામા

કોંગ્રેસના બાગી નેતાઓને સસ્પેન્ડ કરવા તખતો તૈયાર : સ્થાનિક આગેવાનો અસમંજસમાં

સુરેશ અગ્રવાલ

પ્રતિનિધિ છાપી

ચૂંટણીનો પ્રચાર તેની ચરમસીમાએ પહોંચ્યો છે વડગામ બેઠક ઉપર આંદોલન કારી નેતા મેવાણી એ ઉમેદવારી નોંધાવતા વડગામ બેઠક રાષ્ટ્રીય સ્તર પર અહમ બની ગઈ છે. વડગામની અનામત બેઠક હાલમાં હાઈપ્રોફાઈલ સીટો પૈકી એક મનાય છે. જેમાં કોંગ્રેસનું ગણિત ઉંધુ પડતા દેખાઈ રહ્યું છે. વડગામ બેઠક ઉપર ત્રિપાંખીયા જંગમાં મુખ્યત્વ ભાજપ અને કોંગ્રેસના બાગી ઉમેદવાર અશ્વિન પરમાર

અનુસંધાન પાના નં.૨

અલ્પેશ ઠાકોર સામે ખુદ ઠાકોર સમાજમાં રોષ

પૂર સહાય અલ્પેશે નહીં સમાજે મોકલી હોવાનો ઠાકોર સંમેલનમાં સૂર

ડીસા

રાધનપુર અને સાંતલપુર તાલુકામાં પૂર વખતે અલ્પેશ ઠાકોરે નહીં પણ સમગ્ર ઠાકોર સમાજે સહાય મોકલી હતી. તેવો સૂર ગતરોજ રાધનપુર ખાતે મળેલા ઠાકોર સમાજના સંમેલનમાં હાજર આગેવાનોએ રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, રાધનપુર સાંતલપુર તાલુકામાં પૂર વખતે અલ્પેશ ઠાકોર સહાય મોકલવાનો એકલો જશ ખાટે છે પણ તે સહાય સમગ્ર ઠાકોર સમાજે મોકલી છે. જે સહાયનો તેણે આજસુધી હિસાબ પણ આપ્યો નથી. હકીકતમાં વ્યસન મુક્તિના નામે ભોળા ઠાકોરોને છેતરી તેણે સમગ્ર સમાજને ગેરમાર્ગે દોરવાનું કામ કર્યું છે. એટલું જ નહીં, તેણે તારાપુર ગામના તેના ભાણીયાની ૩૭ વિઘા જમીન પણ પચાવી પાડી હોવાના ગંભીર આક્ષેપો કર્યા હતા. અલ્પેશ ઠાકોર સામે ખુદ ઠાકોર સમાજમાં ભારે નારાજગી છવાઈ છે. તેથી રાધનપુર બેઠક જીતવી કોંગ્રેસ માટે અશક્ય બની ગઈ છે.

આવતીકાલે નરેન્દ્ર મોદી ભાભરમાં

પાલનપુર

ગુજરાત વિધાનસભાની ચુંટણીનો જંગ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. ભાજપ ૧૫૦+ કરવા ઉત્સાહભેર પ્રચાર કાર્ય ચલાવી રહેલ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ ગુજરાતનો અવારનવાર ઝંઝાવાતી પ્રવાસ કરી રહ્યા છે. બનાસકાંઠા જિલ્લાની નવ વિધાનસભા બેઠકો માટે ૧૪ ડીસેમ્બરે બીજા તબક્કાનું મતદાન યોજાશે. મતદાન આડે હવે એક સપ્તાહનો જ સમય બચ્યો છે. અને અંતિમ ચરણમાં પ્રચારકાર્ય વેગ પકડી રહ્યું છે ત્યારે જિલ્લાની નવે નવ બેઠકો ઉપર કેશરીયો લહેરાય તે માટે ચુંટણી પ્રચાર અર્થે આવતીકાલે વિકાસપુરૂષ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી બનાસકાંઠામાં પધારી રહ્યા હોઈ બનાસવાસીઓ સહિત ભાજપ કાર્યકરો, સમર્થકોમાં અદ્ભૂત ઉત્સાહ છવાયો છે. સમગ્ર વિશ્વમાં ભારતને ગૌ-રવવંતુ કરનારા ઉત્તર ગુજરાતની ધરતીના સંતાન એવા ગૌરવશાળી વિકાસપુરૂષ નરેન્દ્રભાઈ મોદી આવતીકાલે તા.૮/૧૨/૨૦૧૭, શુક્રવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ભાભર ખાતે વિશાળ ચુંટણીસભાને સંબોધશે અને ભાજપના ભવ્ય વિજયનો રણટંકાર કરશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલી વિકાસની કેડી ઉપર ગુજરાતે હરણફાળ ભરી વિકાસનું મોડેલ સ્ટેટ બન્યું છે ત્યારે ગુજરાત અને બનાસકાંઠા જિલ્લાના થઈ રહેલા વિકાસ આડે અવરોધ ઉભા કરનારાઓને જડબાતોડ જવાબ આપવા બનાસકાંઠાના ભાભરના આંગણે આવી રહેલા વડાપ્રધાનને આવ કારવા બનાસવાસીઓમાં અદભૂત ઉત્સાહ છવાયો છે. વાવ વિધાનસભા વિસ્તારના ભાભરના આંગણે પધારી રહેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની આ જંગી

અનુસંધાન પાના નં.૨

વાવ - ભાભર પંથકમાં રાજયમંત્રીનો હાઈટેક રથ દ્વારા ઝંઝાવાતી પ્રચાર

વિષ્ણુ પરમાર

તા.પ્રતિ વાવ

ગુજરાતની વિધાનસભા ચૂંટણી તેના અંતિમ ચરણમાં પ્રવેસી ચુકી છે સમગ્ર રાજયમાં ઉમેદવારો તેમના ટેકેદારો તથા નેતાવો દ્વારા ચૂંટણી પ્રચારનું ધમાસણ મચી ગયું છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ પ્રચાર કાર્ય તેની પરાકાષ્ઠાએ પહોચ્યું છે. છેલ્લા બે દિવસના વરસાદી અને ઠંડીના માહોલમાં પણ પ્રચારમાં ગરમી આવી છે. વાવ વિસ્તારના ધારાસભ્ય અને રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી દ્વારા પ્રચારમાં નિતનવા પ્રયોગો થતા હોય છે. જેનો ભાગરૂપે તેવોએ પ્રચાર માટે ચૂંટણી રથનો ઉપયોગ કરે છે. જેમાં હાઈડ્રોલીક સિસ્ટમથી રથના છત ઉપર પ્રચાર માટે સ્ટેજ બની જાય છે. જેમાં માઈક તેમજ અન્ય લાઈટીંગ વગેરેની સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. આ રથ જે તે ગામમાં ચૂંટણી પ્રચાર અર્થે જઈ ગામની મધ્યમમાં ઉભો રાખવામાં આવે છે. ત્યાર બાદ હાઈડ્રોલિક દ્વારા સ્ટેજની સાથે ધારાસભ્ય શંકરભાઈ ચૌધરી રથની છત પર આવી જાય છે અને પોતાનું વક્તવ્ય આપે છે. આમ સમગ્ર ગુજરાતમાં નવતર પ્રયોગ થયો હોઈ લોકોમાં કુતુહુલ પેદા કરે છે.

વાવ, સુઈગામ તથા ભાભર તાલુકાના ૧૭૨ ગામોમાં તા.૪/૧૨/૨૦૧૭ થી તા.૧૨/૧૨/૨૦૧૭ સુધી વાવ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી આ રથ મારફત હાઈટેક પ્રચાર શરૂ કરતા ગામે ગામ મતદારોનું ભારે ઘોડાપુર ઉમટી પડે છે. ગતરોજના તા ૬/૧૨/૨૦૧૭ ના રોજ રાજયમંત્રીએ ચાંદરવા, માડકા, ભાચલી, ડેંડાવા, તીર્થધામ, સવપુર, ભાણખોડ, જાણાવાડા, ઈંદરીયા, ભડવેલ, પરાધરા, મોરીખા, દેથળી, વાસરડા, બાહીસરા, ખડોલ, રામપુરા, કલ્યાણપુરા, એંટા, ચાત્રા, મેસપુરા, ચલાદર, રૂણી જેવા વાવ - ભાભર પંથક વિસ્તારના ૨૩ ગોમોમાં હાઈટેક પ્રચાર ખેડયો હતો જયાં ગામે ગામથી રાજય મંત્રીનું ઉમળકાભેર સ્વાગત અને આવકાર મળ્યો હતો વાવ - ભાભર સુઈગામ પંથકમાં સર્વત્ર કેશરીયો માહોલ જામી ગયો છે ગામે ગામ ભાજપ કાર્યકરોની ફોજ કામે લાગી ચુકી છે. રાજયમંત્રીના આગમન પહેલા અને આગમન બાદ કમળનો નાદ ગુંજી ઉઠયો છે. શંકરભાઈ 'તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ' નો નારો ગુજી ઉઠયો છે. સમગ્ર વાવ - ભાભર સુઈગામ પંથકમાં નર્મદાના નીરનું આગમન આ વિસ્તારમાં વિકાસનો મુદો બની જતાં મતદારો ભા.જ.પાર્ટી તરફ આકર્ષાઈ રહ્યો છે.જો કે રાજયમંત્રી શંકરભાઈએ સરહદી વિસ્તારને વિકાસથી ઝળહળતો કરવાની ખાત્રી આપી હતી.